## જમ્મુ-કાશ્મીરમાં ત્રણ

(પહેલા પાનાનું ચાલુ)

જાહેરાતને આવકારવાની સાથે કેન્દ્ર સરકાર પર જમ્મુ-કાશ્મીરને રાજ્યનો દરજ્જો પાછો આપવા માગ કરી હતી.

હિંસાગ્રસ્ત જમ્મુ-કાશ્મીરમાં કલમ ૩૭૦ હટયા પછી પહેલી વિધાનસભા ચૂંટણી યોજાઈ રહી છે. પાંચ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ કલમ ૩૭૦ હટાવાયા પછી કેન્દ્ર સરકારે જમ્મુ-કાશ્મીરનું બે ભાગ લદ્દાખ તથા જમ્મુ-કાશ્મીરમાં વિભાજન કરી દીધું હતું અને બંને વિસ્તારોને કેન્દ્રશાસિત પ્રદેશ જાહેર કરી દીધા હતા. જોકે, સુપ્રીમ કોર્ટે ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૪ સુધીમાં જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા રદ્દ થયા હતા. આખરે શુક્રવારે ચૂંટણી પંચે જમ્મુ-કાશ્મીર અને હરિયાણામાં વિધાનસભા ચૂંટણીની તારીખો જાહેર કરી દીધી છે.

જમ્મુ-કાશ્મીરમાં ૨૦ ઓગસ્ટથી જ્યારે હરિયાણામાં પાંચ સપ્ટેમ્બરથી આચારસંહિતા લાગુ થઈ જશે. જોકે, જમ્મુ-કાશ્મીરમાં પુડુચેરીની જેમ કેન્દ્રશાસિત પ્રદેશમાં વિધાનસભા ચૂંટણી યોજાશે.

કેન્દ્રશાસિત પ્રદેશ બન્યા પછી જમ્મુ-કાશ્મીરમાં પહેલી વખત વિધાનસભા ચૂંટણી યોજાઈ રહી છે. રાજ્યની કુલ ૧૧૪ વિધાનસભા બેઠકોમાંથી ૯૦ બેઠકો પર ત્રણ તબક્કામાં મતદાન થશે, જેમાં પહેલા તબક્કામાં ૨૪ બેઠકો પર ૧૮ સપ્ટેમ્બર, બીજા તબક્કામાં ૨૬ બેઠકો ૨૫ સપ્ટેમ્બરના રોજ તથા ત્રીજા તબક્કામાં ૪૦ બેઠકો પર ૧ ઓક્ટોબરના રોજ મતદાન થશે. જમ્મુ-કાશ્મીરની ૨૪ બેઠકો જે પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીર (પીઓકે)માં છે ત્યાં ચૂંટણી નહીં યોજાય.

જમ્મુ-કાશ્મીરની સાથે હરિયાણામાં પણ વિધાનસભા ચૂંટણી યોજાશે. જોકે, જમ્મુ-કાશ્મીરથી વિપરિત હરિયાણાની ૯૦ બેઠકો પર એક જ તબક્કામાં ૧ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ મતદાન થશે. આ બંને રાજ્યોના પરિણામ ૪ ઓક્ટોબરના રોજ જાહેર થશે.

ચૂંટણી તારીખોની જાહેરાત કરતા પહેલા મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમાર, ચૂંટણી કમિશનરો જ્ઞાનેશ કુમાર, સુખબીર સિંહ સંધુએ બંને રાજ્યો માટેનો ચૂંટણી કાર્યક્રમ જાહેર કર્યો હતો. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે કહ્યું કે, જમ્મુ-કાશ્મીરમાં અમરનાથ યાત્રા પૂરી થવાની રાહ જોવી રહી હતી.

અહીંઅત્યારે ૮૭.૦૯ લાખ મતદાતા છે, જેમાંથી ૨૦ લાખ યુવાનો છે. અહીં ૧૧,૮૩૮ મતદાન કેન્દ્ર છે. ૨૦ ઓગસ્ટ પહેલાં મતદારોની અંતિમ યાદી તૈયાર થઈ જશે. એ જ રીતે હરિયાણામાં બે કરોડથી વધુ મતદારો છે. ૯૦માંથી ૭૩ બેઠકો સામાન્ય છે. બાકી ૧૭ બેઠકો અનામત છે.

ચૂંટણી કમિશને બે રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીની તારીખો જાહેર કરતાં કોંગ્રેસ સહિત વિપક્ષે આ જાહેરાતને આવકારી હતી, પરંતુ તેમણે કહ્યું કે, ભાજપના નેતૃત્વની સંવેદનહીન સરકાર જમ્મુ-કાશ્મીરને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવાની જનતાની માગને નકારી રહી છે, જે કમનસીબ છે. આ ચૂંટણીમાં વિપક્ષ દ્વારા પૂરજોશથી રાજ્યના દરજ્જાનો મુદ્દો ઉઠાવાશે. વધુમાં ચૂંટણીની જાહેરાત પહેલાં કેન્દ્ર સરકાર દ્વારા જમ્મુ-કાશ્મીરમાં ઉપરાજ્યપાલની શક્તિઓ વધારવાનો નિર્ણય પણ આગામી સમયમાં ચૂંટાનારી સરકારની મજાક ઉડાવવા સમાન છે.

## જમ્મુ-કાશ્મીરમાં તરતા મતદાન કેન્દ્ર સહિત ત્રણ યુનિક પોલિંગ બૂથ

નવી દિલ્હી, તા.૧૬

જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીની જાહેરાત થઈ ગઈ છે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે કહ્યું હતું કે, જમ્મુ-કાશ્મીરમાં કોઈપણ મતદાર મતદાન કરવામાં પાછળ ના રહી જાય તે માટે દાલ લેકમાં ત્રણ તરતા મતદાન કેન્દ્રો બનાવાશે, જેમાં એક મતદાન કેન્દ્ર વિશેષરૂપે ૧૦૦ ટકા અનુસૂચિત જનજાતિ (એસટી)ના મતદારો માટે હશે. આ મતદાન કેન્દ્ર ગુરેજ વિધાનસભાક્ષેત્રમાં નિયંત્રણ રેખા પર સ્થિત છે. અહીં ૧૦૦ ટકા વસતી એસટી છે.

આ સિવાય સીમારી મતદાન કેન્દ્ર કુપવાડા જિલ્લામાં ભારતનું પહેલું મતદાન કેન્દ્ર બનાવાશે. લોજિસ્ટિક અને સુરક્ષાના પડકારો છતાં અહીં સતત ઊંચું મતદાન થઈ રહ્યું છે. ડાલ લેકમાં ત્રણ તરતા મતદાન કેન્દ્રો સુધી મતદારોને લઈ જવા માટે નૌકા અને શિકારાનો ઉપયોગ કરાશે. ડાલ લેક પર ૭૦ ખાર મોહલ્લા આબી કરપોરા પોલીસ ચોકીમાં માત્ર ત્રણ મતદાર છે.

ચૂંટણી યોજવા કેન્દ્ર સરકારને આદેશ આપ્યો હતો. આથી લાંબા સમયથી વિપક્ષ તેમજ લોકો જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીની તારીખો જાહેર થવાની રાહ જોઈ

## જમ્મુ-કાશ્મીરને પૂર્ણ રાજ્યનો દરજ્જો ચૂંટણીમાં મુખ્ય મુદ્દો બની રહેશે : વિપક્ષ

## જમ્મુ-કાશ્મીરમાં કલમ ૩૭૦ દૂર થયા પછી પહેલી વખત ચૂંટણી, પીઓકેમાં આવેલી ૨૪ બેઠકો પર મતદાન નહીં

## જમ્મુ-કાશ્મીરમાં ચૂંટણી પહેલાં ૨૦૦ અધિકારીઓની બદલી

જમ્મુ, તા.૧૬

જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીની જાહેરાત થાય તે પહેલાં મોટાપાયે વહીવટી ફેરફાર કરવામાં આવ્યા હતા. સરકારે જમ્મુ-કાશ્મીરમાં અંદાજે ૨૦૦ સિવિલ અને પોલીસ અધિકારીઓની બદલી કરી નાંખી હતી. કેન્દ્રશાસિત પ્રદેશમાં સરકારે ગઈકાલે સાંજે વિવિધ વિભાગોના ૮૮ આઈએએસ અને કેએએસ અધિકારીઓની બદલી કરી હતી. ત્યાર પછી શુક્રવારે આઈજીથી લઈને એસએસપી રેન્કના ૩૩ પોલીસ અધિકારીઓની બદલી કરી દેવાઈ હતી, તેમાં આઈજી સીઆઈડી, રેન્જ ડીઆઈજી અને જિલ્લા એસએસપીનો સમાવેશ થાય છે. સૂત્રોના જણાવ્યા મુજબ બદલીઓની હજુ વધુ એક યાદી જાહેર થવાની સંભાવના છે.

## ચૂંટણી પંચનો અજીબ તર્ક : ચોમાસુ અને તહેવારોને કારણે મહારાષ્ટ્રમાં મોડી ચૂંટણી

કેન્દ્રીય ચૂંટણી પંચે હરિયાણા તથા જમ્મુ અને કાશ્મીરની સાથે સાથે મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણી જાહેર નહીં કરતાં આશ્ચર્ય સર્જાયું છે. મહારાષ્ટ્ર વિધાનસભાની મુદત પણ આગામી નવેમ્બરમાં પૂર્ણ થઈ રહી હોવાથી હરિયાણાની સાથે જ તેની તારીખો જાહેર થશે તેવી અપેક્ષા હતી. પરંતુ, આજે ચૂંટણી પંચે મહારાષ્ટ્રની તારીખો જાહેર નહીં કરવા માટે એવો અજીબ તર્ક આપ્યો હતો કે મહારાષ્ટ્રમાં અતિવૃષ્ટિને કારણે મતદાર યાદી ફાઈનલ થઈ નથી અને તે ઉપરાંત ગણેશોત્સવ તથા દિવાળી જેવા તહેવારો અને શ્રાદ્ધ પક્ષ પણ આવી રહ્યાં છે.

## કોઈમ્બતુરની

(૧૯મા પાનાનું ચાલુ)

ધક્કો મારીને ભાગી ગયા હતા. બાદમાં હોસ્પિટલના અન્ય સ્ટાફની મદદથી આરોપીને પકડીને પોલીસને સોંપી દેવાયો હતો. પોલીસે આરોપીને ઝડપીને તેની સામે મહિલા સંબંધ બાંધવા બળ પ્રયોગની કલમ ૭૪ (બીએનએસ), તામિલનાડુ મહિલા છેડતી વિરોધી કાયદા હેઠળ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. આશ્ચર્યની વાત એ છે કે આ ઘટના રાત્રે સાડા આઠ વાગ્યે બની હતી. બહારની વ્યક્તિ કેમ્પસમાં ઘૂસી આવી હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું. જોકે સ્વાસ્થ્ય ક્ષેત્રમાં સેવા આપી રહેલી મહિલા કર્મચારીઓ સાથે આ પ્રકારની ઘટનાઓ વધી રહી છે જેને કારણે ડોક્ટરોમાં સુરક્ષાને લઈને અસંતોષનો માહોલ છે.

## રાહુલ ગાંધીની

(૧૯મા પાનાનું ચાલુ)

હોવાનો દાવો કરીને તેમને ચૂંટણી લડતા અટકાવવાની માગ કરાઈ હતી. તે સમયે સુપ્રીમ કોર્ટે અરજીને ફગાવતા કહ્યું હતું કે કેટલાક દસ્તાવેજોમાં એવો દાવો કરવામાં આવ્યો હોય કે રાહુલ ગાંધી બ્રિટિશ નાગરિકતા ધરાવે છે તો શું તેઓ ખરેખર બ્રિટિશ નાગરિક બની જાય? માત્ર કંપની કહે છે કે તેઓ બ્રિટિશ નાગરિકતા ધરાવે છે તો શું તેઓ બ્રિટિશ નાગરિક છે? હવે આ જ પ્રકારની અરજી સ્વામીએ દિલ્હી હાઈકોર્ટમાં કરી છે. સ્વામીએ અરજીમાં માગ કરી છે કે હાઈકોર્ટ ગૃહ મંત્રાલય પાસેથી મારી ફરિયાદ અંગે સ્ટેટસ રિપોર્ટ અંગે જવાબ માગે.

## સેક્યુલર સિવિલ

(૧૯મા પાનાનું ચાલુ)

વિપક્ષને આડે હાથ લેતા દેશના ઉત્થાનને નહી સાંખી શકતા લોકોથી સાવધ રહેવા નાગરિકોને ચેતવણી આપી હતી. તેમણે કહ્યું હતું કે કેટલાક લોકો ભારતના કલ્યાણનું વિચારી શકતા નથી. દેશના કેટલાક વિકૃત માનસિકતા ધરાવતા લોકો ખાનાખરાબી અને અંધાધૂંધી ઈચ્છી રહ્યા છે. તેમણે દેશમાં એટલું બધું નુકસાન કર્યું છે કે આપણે આ નુકસાનને સરભર કરવા માટે નવેસરથી શરૂઆત કરવી પડશે. વિપક્ષો પર સૂચક પ્રહાર કરતાં તેમણે જણાવ્યું હતું કે કેટલાક લોકો ભ્રષ્ટાચારનું મહિમા ગાન કરી રહ્યા છે. જોકે, સરકાર દ્વારા ભ્રષ્ટાચાર સામ લડત અવિરત જારી રહેશે.

## દેશમાં આગામી પાંચ વર્ષમાં મેડિકલ અભ્યાસક્રમમાં ૭૫,૦૦૦ બેઠકો વધારવાની પીએમની ખાતરી

## જમ્મુ-કાશ્મીરમાં

(પહેલા પાનાનું ચાલુ)

અનુસૂચિત જાતીઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે બેઠકો અનામત રાખવામાં આવી છે. આ સિવાય કાશ્મીરી પંડિતો માટે પણ બે બેઠક અનામત રખાઈ છે. કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીરમાં નવા પરીસીમન પછી વિધાનસભા બેઠકોની સંખ્યા ૮૩થી વધીને ૯૦ થઈ ગઈ છે. કુલ સાત બેઠકોનો વધારો થતાં જમ્મુ ક્ષેત્રની વિધાનસભા બેઠકો ૩૭થી વધીને ૪૩ જ્યારે કાશ્મીરની ૪૬ બેઠક વધીને ૪૭ થઈ છે. આમ હવે, જમ્મુ-કાશ્મીરમાં જમ્મુ અને કાશ્મીર ખીણ પ્રદેશના પ્રતિનિધિત્વનું અંતર એકંદરે ઘણું ઘટી ગયું છે. આ સાથે જમ્મુ-કાશ્મીરમાં પહેલી વખત અનુસૂચિત જાતિ (એસસી) અને અનુસૂચિત જનજાતિ (એસટી) માટે ૧૬ બેઠકો અનામત છે. તેમાંથી એસસી માટે ૭ અને એસટી માટે ૯ બેઠકો છે. બીજીબાજુ ૭૪ બેઠકો સામાન્ય કેટેગરીની છે. જમ્મુ-કાશ્મીરમાં કાશ્મીરી પંડિતો માટે બે બેઠકો અનામત રખાઈ છે, જેને કાશ્મીરી પ્રવાસી ગણાવાઈ છે. હવે ઉપરાજ્યમાલ વિધાનસભા માટે ત્રણ સભ્યોને નોમિનેટ કરી શકશે, જેમાં બે કાશ્મીરી પ્રવાસી અને એક પીઓકેથી વિસ્થાપિત વ્યક્તિ હશે. બે કાશ્મીરી પ્રવાસીઓમાંથી એક મહિલા હશે. જમ્મુ-કાશ્મીર વિધાનસભામાં કાશ્મીરી પંડિતોને પ્રતિનિધિત્વ આપવા માટે નોમિનેટ સભ્યોની વ્યવસ્થા રખાઈ છે.

દરમિયાન જમ્મુ-કાશ્મીરના પુનર્ગઠન પહેલાં વર્ષ ૨૦૧૪માં છેલ્લી વિધાનસભા ચૂંટણી યોજાઈ હતી. તે સમયે કુલ વિધાનસભા બેઠકોની સંખ્યા ૮૭ હતી, જેમાં ૬૫ ટકા મતદાન થયું હતું.

મહેબૂબા મુફ્તીની પીડીપી ૨૨.૭ ટકા મતો સાથે સૌથી વધુ ૨૮ બેઠકો જીતી હતી જ્યારે ભાજપ ૨૩ ટકા મતો સાથે ૨૫ બેઠકો જીતી બીજા ક્રમે રહ્યો હતો. એનસીપી ૧૫ અને કોંગ્રેસ ૧૨ બેઠકો જીત્યા હતા. આમ રાજ્યમાં કોઈ પક્ષ બહુમત માટેનો ૪૪નો આંક વટાવી શક્યો નહોતો. આથી, પીડીપી અને ભાજપે ગઠબંધન સરકાર બનાવી હતી. આ સરકાર ૨૦૧૮માં તૂટી પડી હતી.

## ફેસબુકના ફાઉન્ડર માર્ક ઝુકરબર્ગે પત્નીનું સ્ટેચ્યુ બનાવડાવ્યું



ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને વ્હોટ્સએપમાં અવતાર બનાવવાનો વિકલ્પ આપવામાં આવે છે. ફેસબુકના કો-ફાઉન્ડર અને મેટાના સીઈઓ માર્ક ઝુકરબર્ગ પત્ની પ્રિશિલા ચેનના અવતારને કારણે ચર્ચામાં આવ્યા છે. ઝુકરબર્ગે ઘરના ગાર્ડનમાં પ્રિશિલાનું લાઈફસાઈઝ સ્ટેચ્યુ બનાવ્યું છે. આ સ્ટેચ્યુ પાછળ આધુનિકતા નહીં પરંતુ, રોમન પરંપરા છે. જાણીતા મેગેઝિનના જણાવ્યા અનુસાર, રોમન સમયમાં કેટલીકવાર મૃત પ્રિયજનોને સન્માન આપવા માટે અથવા સંબંધોને અર્થપૂર્ણ બનાવવા માટે મૂર્તિઓ બનાવવામાં આવતી હતી. માર્ક અને પ્રિશિલાના લગ્નને ૧૨ વર્ષ થયા છે. તેમને ત્રણ દીકરીઓ મેક્સિમા, ઓગસ્ટ અને ઓરેલિયા છે. સાત ફૂટ ઊંચી મૂર્તિને ન્યૂયોર્કના જાણીતા આર્ટિસ્ટ ડેનિયલ આર્શમે બનાવી છે.

## કોલકાતામાં

(૧૯મા પાનાનું ચાલુ)

પૂછપરછ માટે પોલીસ આરોપીને રુદ્રાપુર લાવી હતી. ધર્મેન્દ્રની પૂછપરછ દરમિયાન તેણે પોતાનો ગુનો કબુલી લીધો હતો, તેણે પોલીસ સામે કબુલ કરતા કહ્યું હતું કે પીડિતા ૩૦ જૂલાઈના રોજ રોડ પર એકલી ચાલતા જઈ રહી હતી, અંધારાનો લાભ ઉઠાવીને તેના પર રેપનો પ્રયાસ કર્યો હતો. મહિલાએ વિરોધ કરતા રોડ પર તેનુ માથુ પછાડ્યું અને બાદમાં દુપટ્ટાથી ગળુ દબાવીને તેની હત્યા કરી હતી, અને પછી મૃતદેહને એક વાડમાં ફેંકી દીધો હતો અને પીડિતાનો મોબાઈલ તેમજ ત્રીસ હજાર રૂપિયા રોકડા લઈને ફરાર થઈ ગયો હતો.

## ગુજરાતી ફિલ્મ

(૧૯મા પાનાનું ચાલુ)

કરાયો છે. સેન્સર બોર્ડ દ્વારા પહેલી જાન્યુઆરી, ૨૦૨૨થી ૩૧મી ડિસેમ્બર ૨૦૨૨ સુધીમાં પ્રમાણિત કરવામાં આવી હોય તેવી ફિલ્મોને ૭૦મા રાષ્ટ્રીય પુરસ્કાર માટે ગણનામાં લેવામાં આવી હતી. આજે માત્ર એવોર્ડ્ઝની જાહેરાત થઈ છે. મોટભાગે આગામી ઓક્ટોબરમાં યોજાનારા સમારોહમાં રાષ્ટ્રપતિના હસ્તે વિજેતાઓને એવોર્ડ એનાયત કરાશે.

## ઈસરોએ

(૧૯મા પાનાનું ચાલુ)

આવેલી લો અર્થ ઓર્બિટમાં ૫૦૦ કિલો સુધીના વજનના સેટેલાઈટ મુકવાના માર્કેટમાં આગમન થયું છે.

આ મિશનમાં ૧૭૫.૫ કિલોના સેટેલાઈટને અવકાશમાં લઈ જવા માટે ત્રણ તબક્કાના સોલીડ પ્રોપલ્શન સ્ટેજ અને પ્રવાહી બળતણ ધરાવતાં આખરી તબક્કા ધરાવતાં લોન્ચ વેહિકલનો સફળતાપૂર્વક ઉપયોગ કરવામાં આવ્યો હતો. ઈસરોના એક વિજ્ઞાનીએ જણાવ્યું હતું કે આ એસએસએલવીમાં પીએસએલવીની સરખામણીએ ખર્ચ ૨૦થી ૩૦ ટકા ઓછો આવે છે અને લો અર્થ ઓર્બિટમાં સેટેલાઈટ મુકવો હોય તો બે દિવસમાં જ તેનું આયોજન કરી તેને તરતો મુકી શકાય છે.

## આપણી સ્વતંત્રતા

(૧૯મા પાનાનું ચાલુ)

દીધા છે. બાંગ્લાદેશે અન્ય રાજ્યોમાં તૈનાત પોતાના રાજદૂતોને બદલી નાખ્યા છે. આશરે છ જેટલા દેશોમાં બાંગ્લાદેશના રાજદૂતોને પરત બાંગ્લાદેશ આવવા આદેશ અપાયા છે.

આ તમામ રાજદૂતોની નિમણુંક પૂર્વ વડાપ્રધાન શેખ હસીના દ્વારા કરવામાં આવી હતી. જે દેશોના રાજદૂત બાંગ્લાદેશે પાછા બોલાવ્યા છે તેમાં જર્મની, અમેરિકા, કેનેડાનો સમાવેશ થાય છે.

બીજી તરફ બાંગ્લાદેશમાં શેખ હસીનાની સામે ફરિયાદો વધી રહી છે. અગાઉ હત્યા, નરસંહાર, સુપ્રીમના વકીલના અપહરણની ફરિયાદ થઈ હતી હવે વધુ એક હત્યાની ફરિયાદ દાખલ કરાઈ છે.

કર્ણાટકની ઉચ્ચ અદાલત બેંગલુરુ
(મૂળ અધિકારક્ષેત્ર)
કંપની એક્ટ, 1956 ના કેસમાં અને
M/S BPL એન્જિનિયરિંગ લિમિટેડ (IN LIQUIDATION)
ના કેસમાં કંપની પીટીશન નંબર 160/2005

વેચાણ માટેની નોટિસ

25.04.2024 ના રોજ નામદાર હાઈકોર્ટના આદેશના અનુસંધાનમાં OLR નં. 106/2023 ના અનુસંધાનમાં 14.00 કલાકથી 17.00 કલાક સુધી 13-9-2024ના રોજ સુનિશ્ચિત થયેલ ઈ-ઓક્શન દ્વારા નીચે દર્શાવેલ સ્થાવર અસ્કયામતો/મિલકતોના વેચાણ માટે આથી ઑનલાઈન સ્પર્ધાત્મક બિડ આમંત્રિત કરવામાં આવી છે.

મિલકતનું વર્ણન-
બિન-કૃષિ ફ્રી હોલ્ડ જમીન ધરાવતી ખાનગી પ્લોટ નં. 11, માપન 1513.45 ચો. મીટર* અને ખાનગી આંતરિક અભિગમ રોડ જમીન માપન 275.854 ચો.મી., ખાનગી આંતરિક અભિગમ રસ્તામાં સોળમા ભાગના (1/16મી) અવિભાજિત, અવિભાજ્ય હિસ્સામાં જે બંને, મૌજે ધનોટ ગામ, તાલુકા: કલોલ, જિલ્લો: ગાંધીનગર, ગુજરાતમાં બ્લોક નં.67 નું પ્રતિનિધિત્વ કરે છે.

વેચાણના નિયમો અને શરતો ધરાવતો સમગ્ર ઈ-ઓક્શન કેટેલોગ, ઈ-ઓક્શનની ઘટનાઓની સંપૂર્ણ વિગતો આપવા માટેનું સમયપત્રક, ઓનલાઈન નોંધણી માટેની માર્ગદર્શિકા અને વેચાણની સ્થાવર સંપત્તિ/મિલકતની સંપૂર્ણ વિગતો રેઈલટેલ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિ. ની વેબસાઈટ https://olauction.enivida.com/ પર ઉપલબ્ધ છે. અને તે નીચેના URL પર ક્લિક કરીને જોઈ શકાય છે: https://olauction.enivida.com/ અને સત્તાવાર લિક્વિડેટરની વેબસાઈટ: www.olkarnataka.kar.nic.in અને મંત્રાલયની વેબસાઈટ www.mca.gov.in.

ઈચ્છુક બિડર રેઈલટેલ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા બેંગલુરુના વરિષ્ઠ મેનેજર કુ. સુજાતાનો સંપર્ક કરી શકે છે. Sr. Mgr M/s. RailTel કોર્પોરેશન ઓફ ઈન્ડિયા જેમના મોબાઈલ નંબર 8448288989 છે/ શ્રી ગગન જેમના મોબાઈલ નંબર 8448288987 છે અને હરાજી પ્રક્રિયા પર અથવા તેના પર સ્પષ્ટતા માટે, જો કોઈ હોય તો સત્તાવાર લિક્વિડેટરની ઓફિસમાં, STA શ્રીમતી પી. સહાનાનો મોબાઈલ નં. 9449370555/ 080-25598671 પર સંપર્ક કરી શકે છે.

*નોંધ: પ્રોપર્ટી કાર્ડ મુજબ- જીલ્લા જમીન મહેસુલ કચેરી દ્વારા પુનઃસર્વે માપણીમાં, જમીનનો વિસ્તાર આ રીતે ઉલ્લેખિત છે, નવી R. S. No.105 ધરાવતો જમીન વિસ્તાર 1,789.00 ચોરસ મીટર, જેમાં 1/16 મા અવિભાજિત ભાગનો સમાવેશ થાય છે.

(વી.અન્નપૂર્ણા)
નાયબ અધિકારી લિક્વિડેટર,
કર્ણાટક કોર્પોરેટ ભવન
ઉચ્ચ ન્યાયાલય", નંબર 26-27, 12 મો માળ,
રાહેજા ટાવર્સ, એમ. જી. રોડ, બેંગલુરુ-560001.
ટેલિફોન નંબર: 080-25598671/2/3
તારીખ: 14-08-2024

ફોર્મ નં. NCLT. 3A
ધ નેશનલ કંપની લૉ ટ્રીબ્યુનલ સમાન, ચંદીગઢ બેન્ચ ખાતે
CP(CAA) No. 20/CHD/HP/2024
IN
CA(CAA) No. 4/CHD/HP/2024.
કંપનીની બાબતોની કલમમાં 2013
AND
230 સેકશનની બાબત અને બીજા લાગૂ પડતાં, કંપની એક્ટ, 2013 પ્રોવિઝન્સમાં
AND
સ્કીમ ઓફ એરેન્જમેન્ટની બાબતમાં
આઈનોક્ષ વિન્ડ એનર્જી લિમિટેડ (પિટીશનર કંપની ૧/ટ્રાન્સફર કંપની) અને
આઈનોક્ષ વિન્ડ એનર્જી લિમિટેડ (પિટીશનર કંપની ૨/ટ્રાન્સફરી કંપની) અને
તેઓના સંબંધિત શેરહોલ્ડરો

આઈનોક્ષ વિન્ડ એનર્જી લિમિટેડ
(CIN-L40106HP2020PLC010065)
પ્લોટ નં. 1, ખાસરા નં. 264 થી 267, ઈન્ડસ્ટ્રીયલ એરીયા, બાસલ ગામ, ઊના, હિમાચલ પ્રદેશ - 174303 ભારત.
PAN : AAFCI6084A — પિટીશનર કંપની ૧/ ટ્રાન્સફર કંપની.

આઈનોક્ષ વિન્ડ લિમિટેડ
(CIN-L31901HP2009PLC031083)
પ્લોટ નં. 1, ખાસરા નં. 264 થી 267, ઈન્ડ. એરીયા, બાસલ ગામ, ઊના, હિમાચલ પ્રદેશ - 174303, ભારત.
PAN : AACCI0597B — પિટીશનર કંપની ૨/ ટ્રાન્સફરી કંપની.

પીટીશનની સૂચના

એ પિટીશન, સેકશન 230-232, કંપનીસ એક્ટ, 2013, હેઠળ, મંજૂર કરવા માટે, સ્કીમ ઓફ એરેંજમેન્ટને, આઈનોક્ષ વિન્ડ એનર્જી લિમિટેડ (પિટીશનર કંપની ૧/ટ્રાન્સફર કંપની) અને આઈનોક્ષ વિન્ડ લિમિટેડ (પિટીશનર કંપની ૨ / ટ્રાન્સફરી કંપની) વચ્ચે અને તેઓના સંબંધિત શેર હોલ્ડરો ("Scheme"), રજૂ કરાઈ હતી, પિટીશનર કંપનીઓ દ્વારા, ચંદીગઢ બેન્ચ ઓફ નેશનલ કંપની લૉ ટ્રીબ્યુનલ સમક્ષ, 5 જુલાઈ, 2024 ના રોજ અને કહેલ પિટિશન ફિક્સ છે, હિઅરીંગ માટે, 6 સપ્ટેમ્બર, 2024 ના રોજ, નેશનલ કંપની લૉ ટ્રીબ્યુનલ, ચંદિગઢ બેન્ચ સમક્ષ.
* પીટીશન કંપની 1 ની રજીસ્ટર્ડ કંપની, શિફ્ટ કરાઈ હતી, ગુજરાત રાજ્યની હિમાચલ પ્રદેશ રાજ્યમાં, રીજીયોનલ ડાયરેક્ટર, નોર્ધન વેસ્ટર્ન રીજીયનને હૂકમ દ્વારા તારીખ 15 માર્ચ, 2023 ના રોજ.
તેના સંલગ્નમાં સૂચના જાહેર કરાવાઈ હતી, 230 અને 232 સેકશન સાથે અને બીજા લાગુ પડતા, કંપનીસ એક્ટ, 2023 ના પ્રોવિઝન્સ સાથે
કોઈપણ વ્યક્તિ, ઈન્સ્ટન્ટ પિટીશનની તરફેણમાં કે વિરુદ્ધમાં ઈચ્છુક હોય તે તેના ઈરાદાની સૂચના, પિટીશનર કંપનીના એડવોકેટને મોકલી દે. તેમના દ્વારા અથવા તેમના એડવોકેટ દ્વારા હસ્તાક્ષર કરીને, તેઓના નામ અને સરનામા સાથે, કે જેની તે પિટિશનર કંપનીના એડવોકેટને મોડામાં મોડા પિટીશન હિઅરીંગની તારીખ નક્કી થયાના બે દિવસ પહેલાં, પહોંચી જાય. કે જ્યાં તે ઈચ્છે છે પિટીશનનો વિરોધ, વિરોધ માટેનો પાયો અથવા એફીડેવીટની કોપી કે જે આવી સૂચનાથી પરીપૂર્ણ હોવી જોઈએ. પિટિશનની કોપી પરીપૂર્ણ કરાશે નીચે સહિ કરનાર દ્વારા કોઈપણ વ્યક્તિ તેની જરૂરીયાત માટે નક્કી કરેલા તેને લગતા દરોમાં.

SD/-
તારીખ: 16 મી ઓગસ્ટ, 2024
રજત ખન્ના/ D. ભટ્ટાચાર્ય/ દિત્તી ઓઝા એડવોકેટ્સ
ઘર નં. 690, સેક્ટર 11-B, ચંદીગઢ- 160011.
યુનિટી લિગલ, S-369, ગ્રેટર કૈલાસ - II- નવીદિલ્હી, - 110048.
સંપર્ક નં. : 9855555154/9818499377
ઈમેઈલ : rajatkhannaadv@hotmail.com; dhritiman.bhattacharyya@unitylegal.com; deeti.ojha@unitylegal.com

Gujarat Narmada Valley Fertilizers and Chemicals Limited
(An ISO 9001, ISO 14001, ISO 45001 & ISO 50001 Certified Company)
Regd. Office: P.O.Narmadanagar - 392015, Dist.: Bharuch (Gujarat), India
CIN: L24110GJ1976PLC002903 Website: www.gnfc.in

OPEN E-TENDER NOTICE

| E-Tender ID | Name of the Work | Estimated Work Value (incl. GST) |
|---|---|---|
| 95963 | Increase in height of roof structure of rock phosphate storage silo 2A at NPP Plant, GNFC Bharuch. | Rs. 2.16 Crore |

Last date and time for receipt of bids for above tenders is 31.08.2024 upto 16:00 hrs. For E-Tender, please log on https://tender.nprocure.com
Contact :-E-mail id-klgoplani@gnfc.in, Phone no-02642-202232/3422

GUJARAT STATE ELECTRICITY CORPORATION LIMITED
GSECL
VidyutBhavan, Race Course, Vadodara, India – 390007.
Ph +91-265-6612101/04, Fax: +91-265-2344537
e-mail: cegen.gsecl@gebmail.com Website:www.gsecl.in
CIN: U40100GJ1993SGCO19988

Tender Notice no: CEG/GP-II/Safety-PPE/6271 (n Procure Tender ID:97452)
Chief Engineer (Gen), Gujarat State Electricity Corporation Limited, Vadodara invites following e-Tender:
e Tender (Online Tender):Supply of various PPEs for various Power Stations of GSECL.
The Tender documents of above are available on website www.nprocure.com (for view, down load and on line submission) and on web Site www.gsecl.in (for view and down load only). Interested Vendors may surf the above Website and may down load the said Tender from our website, for physical submission of your Tender before due date and time.
Technical bid containing all the relevant documents of tender to be submitted through ONLINE process only on (n)-Procure. Any other document will not be accepted in Offline OR Hard Copy.
Note: Be in touch with above websites till opening of Tender

S\D
Chief Engineer (Gen)
GSECL: CO: Vadodara

જામનગર મહાનગરપાલિકા
:: ટેન્ડર નિવિદા ::

જામનગર મહાનગરપાલિકાની પ્રોજેક્ટ એન્ડ પ્લાનીગ શાખા (ફોન નં. ૨૫૫૦૨૩૧ એક્સ. ૫૪૧) ધ્વારા નીચેના કામ માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. જેની વધુ વિગત માટે જામનગર મહાનગરપાલિકાની વેબસાઈટ https://jmctender.nprocure.com પરથી મળી શકશે. આ ટેન્ડર તા. ૨૧–૦૮–૨૦૨૪થી ઓન લાઈન મુકવામાં આવનાર છે.

| ક્રમ | કામનું નામ | અંદાજીત ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧ | સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી સડક યોજનાની ગ્રાન્ટ હેઠળ શહેરના મુખ્ય તથા આંતરિક રસ્તા ઉપર હોટ એપ્લાઈડ થર્મોપ્લાસ્ટ પેઈન્ટ, પાર્કીંગના પટ્ટાઓ તથા રોડ સાઈનેજીસ કરવાનું કામ | ૫૦.૦૦ |

કમિશ્નર
જામનગર મહાનગરપાલિકા
નં. જેએમસી/પીએન્ડપી/૨૭/ ૩૭ /૨૪–૨૫, તા.૧૬ /૦૮/૨૦૨૪

પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન
એક્સપ્રેશન ઑફ ઈન્ટરેસ્ટ

નં. : MD/SBI/173/CGHS EMPANELLD HOSPITAL (HEMODIALYSIS) તારીખ : 09.08.2024 CGHS - અમદાવાદ દરો મુજબ બે વર્ષના સમયગાળા માટે O P D ધોરણે હેમોડાયલિસીસ માટે C G H S એમ્પેનલ્ડ હોસ્પિટલ તરફથી એક્સપ્રેશન ઑફ ઈન્ટરેસ્ટ. મુખ્ય તબીબી અધિક્ષક, મંડળ રેલવે હોસ્પિટલ સાબરમતી અમદાવાદ પશ્ચિમ રેલવે, અમદાવાદ વિસ્તારમાં સ્થિત સીજીએચએસ એમ્પેનલ્ડ હોસ્પિટલો તરફથી સીજીએચએસ અમદાવાદના દરો મુજબ રેલવે લાભાર્થીઓને રેફરલ કરવા માટે ઓપીડી આધાર પર હેમોડાયલિસીસ ની સારવાર માટે બે વર્ષના સમયગાળા માટે એક્સપ્રેશન ઑફ ઈન્ટરેસ્ટ (ઇઓઆઇ), આમન્ત્રિત કરે છે.તમામ રસ ધરાવતી સીજીએચએસ એમ્પેનલ્ડ હોસ્પિટલે તમામ માપદંડો પુરા કરવાના રહેશે. અને રેલવે ની સાથે ઓપીડી આધારે હેમોડાયલિસિસ સારવાર ના સંબંધમાં પેનલ માટેના નિયમો અને શરતોને સ્વિકારવી આવશ્યક છે, જો તમે રસ ધરાવતા હોય તો નીચે આપેલા સરનામે ટી / સી પરિશિષ્ટ I ની વિગતો એકત્રિત કરી શકો છો અથવા રેલવે વેબસાઇટ www.wr.indianrailways.gov.in પરથી ડાઉનલોડ કરી શકો છો અને તમારું સીલબંધ કવર ને હેમોડાયલિસીસ સારવાર માટે ઇઓઆઇ લખીને નીચે હસ્તાક્ષરકર્તા ને 29.08.24 ના રોજ 14:00 કલાક સુધીમાં મોકલી શકો છો અને ઇઓઆઇ 29.08.24 ના રોજ 15 : 00 વાગ્યે ખોલવામાં આવશે. 145

અમને લાઇક કરો: facebook.com/WesternRly

ઝાલોદ નગરપાલિકા, ઝાલોદ
ઇ-ટેન્ડરીંગ નોટીસ

ઝાલોદ નગરપાલિકાના વિસ્તારમાં ૧) સ્વચ્છ ભારત મિશન અર્બન ૨.૦ અંતર્ગત જુદી જુદી જગ્યાએ ટોઈલેટ બ્લોક, ઈન્સીપીરેશન ટોઈલેટ બ્લોક તથા યુરીનલ બ્લોક બનાવવાની કામગીરી અંદાજીત રકમ રૂા.૪૬.૭૦ લાખ (ચોથો પ્રયત્ન) ૨) જીલ્લા આયોજન ગ્રાન્ટ અંતર્ગત રોડ અને લાઈટની કામગીરી રૂા.૮.૨૨ લાખ (પાંચમો પ્રયત્ન) ૩) એસ.બી.એમ. યોજના અંતર્ગત કરવાના થતા કામની અંદાજીત રકમ રૂા.૧૦૭.૦૦ લાખ (પાંચમો પ્રયત્ન) ૪) ૧૫મુ નાણાપંચ યોજનામાંથી ગુલીસ્તાન એરીયા રામસાગર તળાવ વોટર કલેકટીંગ સીસ્ટમનું કામની અંદાજીત રકમ રૂા.૪૪.૪૯ લાખ (દસમો પ્રયત્ન) ૫) ૧૫મું નાણાપંચ યોજના અંતર્ગત કરવાના થતા એક કામોની અંદાજીત રકમ રૂા.૮.૨૨ લાખ (છઠ્ઠો પ્રયત્ન) ૬) ૧૫મું નાણાપંચ યોજના અંતર્ગત કરવાના થતા જુદા જુદા ૩ કામોની અંદાજીત રકમ રૂા.૩૪.૮૫ લાખ (બીજો પ્રયત્ન) ૭) ૧૫મું નાણાપંચ યોજના અંતર્ગત કરવાના થતા એક કામોની અંદાજીત રકમ રૂા.૭.૩૭ લાખ (ત્રીજો પ્રયત્ન) માટે રસ ધરાવતા સરકારશ્રીની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા કોન્ટ્રાકટરો પાસેથી ઈ-ટેન્ડરીંગથી ભાવો મંગાવવામાં આવેલ છે. બીડ ડોક્યુમેન્ટના ૦૨/૦૯/૨૦૨૪ સાંજના ૬:૦૦ કલાક સુધી ડાઉનલોડ કરી શકાશે. ઓનલાઈનમાં જણાવ્યા પ્રમાણે ટેન્ડર ફી તથા અન્ય ડોક્યુમેન્ટસ તા.૦૫/૦૯/૨૦૨૪ સાંજે ૬:૦૦ વાગ્યા સુધીમાં કવર ઉપર કામના નામ તથા ટેન્ડર આઈ.ડી. સાથે રજીસ્ટર્ડ એ.ડી/સ્પીડ પોસ્ટથી અત્રેની કચેરીમાં મળી જાય તે પ્રમાણે મોકલવાના રહેશે. ઉપરોક્ત કામોનું ટેન્ડર મંજુર કે નામંજુર કરવાનો હક્ક નગરપાલિકાને અબાધિત રહેશે.

તા.૧૬/૦૮/૨૦૨૪
(માહિતી/દાહોદ/૧૩૦/૨૦૨૪)
નગરપાલિકા, ઝાલોદ

ઓનલાઇન ટેન્ડરીંગ
માર્ગ અને મકાન વિભાગ
ગુજરાત સરકાર
જાહેર નિવિદા નં.૦૨ સને ૨૦૨૪-૨૫ (બીજો પ્રયત્ન)

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. વિભાગ, સરકારી પોલીટેકનીક પાસે, ઝાલોદ રોડ, દાહોદ-૩૮૯૧૫૧ ફોન નં.(૦૨૬૭૩) ૨૬૬૯૯૪ કચેરી દ્વારા માન્ય ઈજારદારો પાસેથી સી.આર.એફ.ના રસ્તાઓને લગત ૦૧ (એક) કામ જેમની અંદાજિત રકમ રૂા.૫૮૫.૩૨ લાખની છે, જે માટે નિયત નમુનામાં ઓન-લાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.
પ્રસ્તુત કામોના ટેન્ડર ડોક્યુમેન્ટ વેબસાઈટ http://www.nprocure.com પરથી તા.૨૮/૦૮/૨૦૨૪, બપોરે ૧૨:૦૦ કલાક સુધી ઉપલબ્ધ થશે.
પ્રસ્તુત કામોના ઓનલાઈન ટેન્ડર ઉપર જણાવ્યા મુજબ ડોક્યુમેન્ટ તા.૨૮/૦૮/૨૦૨૪ ના રોજ સાંજે ૧૮:૦૦ કલાક સુધી મોકલવાના રહેશે.
વધુ વિગત તથા ભવિષ્યમાં આ નિવિદા અંગે કોઈ પણ સુધારા-વધારા માટે ઉપરોક્ત વેબસાઈટ જોવા વિનંતી.
(માહિતી/દાહોદ/૧૨૭/૨૦૨૪)

ગુજરાત સમાચાર APPOINTMENTS

DOCTORS REQUIRED
Orthopedic
ANAESTHETIST
GYNAECOLOGIST
RADIOLOGIST
Attractive Salary + Incentive
9925046633/ 7575890090

WANTED
Autocad & Solid Work Experienced Mechanical Engineer for SPM Machinery with Designing Skills for A well established Engineering company based at Udaipur (Rajasthan).
Please send your resume at : info@adarshengitech.com & vinodkothari@adarshengitech.com
Adarsh Engitech Projects Pvt. Ltd.
(formerly Named as Adarsh Enterprises)
B-1, B-2 , Pratap Nagar, Ind. Area, Udaipur

Goel Group
Mfgrs of DG Sets
Need for our Office at Ahmedabad (Gujarat)
Manager- Key Accounts (Ahmedabad)
Channel Manager (Ahmedabad)
Candidate with min. 5-7 years experience in Genset/Transformer/Capital Goods field with experience in Gujarat Market.
Sr. Sales Engineer (Ahmedabad, Surat and Vapi)
Candidate with min. 3-5 years experience in Genset/Transformer/Capital Goods field with experience in Gujarat Market.
Send your CV with past experience
Email: hradmin.ho@goelpower.in
Contact: (M) 9322044407

WE ARE HIRING
Experience in Stock Broking Company
• RMS HEAD: 1 Years
• COMPLIANCE EXECUTIVE - 2 Years
• DP HEAD: 2 Years
RAJVI STOCK BROKING PVT LTD
A-711-712, Ratnakar 9 Square, opp. ITC Narmada, Vastrapur-15
Email your resumes at : rajvistock@gmail.com
Ph: 079-40803011

FASTEST GROWING CHEMICAL MANUFACTURING COMPANY REQUIRED
› PRODUCTION SUPERVISOR (B.Sc., Experience 0-2 yrs.)
› STORE KEEPER (Experience 2-5 yrs.)
› LAB CHEMIST (B.Sc./M.Sc., Experience 0-2 yrs.)
› FFS POUCH FILLING MACHINE OPERATOR (Exp. 2-4 yrs.)
› HR EXECUTIVE (Experience 1-2 yrs.)
Education Minimum Graduation, Salary Best in the industry
Walk in interview on 21st to 24th August 2024, from 11 am to 5 pm.
For interview call on 8511133414 or Email: hr@vimint.com

The Gujarat Research & Medical Institute
Chatarbhuj Lajpatrai General Hospital
Rajasthan Hospitals, Camp Road, Shahibaug, Ahmedabad-4.
T. No. (079) 22866311-12-13. Ext. 1090 - 91

Walk-In-Interview

| | | |
|---|---|---|
| 1 | Chief Pharmacist (Mini. Exp. of 8-10 year) | 2 |
| 2 | Senior Pharmacist | 4 |
| 3 | Assistant Pharmacist | 4 |
| 4 | Clinical Pharmacist | 1 |
| 5 | MRD Incharge (BHMS, MBBS) | 1 |

Remuneration will not be a constraint for the deserving candidates.
Interested candidates may come to H.R. Department for walk in interview along with hard copy of their C.V. on from 20/08/2024 Tuesday between 11.00 am to 2.00 pm. Those not able to appear for walk-in may send their C.V. to hrd@grmi.org.in

IRELAND
FOR A LARGE PHARMACEUTICAL EQUIPMENT MANUFACTURING COMPANY REQUIRES
1. PRODUCTION SUPERVISIOR / PROCESS OPERATOR / PRODUCTION CONTROLLER
2. QUALLITY CONTROL QA MANAGER / QA OFFICER
3. CLEAN ROOM EQUIPMENT ENGINEER SUPERVISIOR
The above three positions must have Engineering Degree with 3 to 5 years' experience in pharmaceutical, medical devices, biotechnology and food processing.
Those with experience in manufacturing and installation of pharmaceutical Machines is preferred.
4. FITTER - Mechanical
5. DRAFTSMAN - Solid works
Candidates for above no 4 and 5 positions should be Diploma Holders, with good Experience and fluency in English
Contact immediately with full details.
Protech Engineering Ind. Pvt. Ltd.
(An ISO 9001:2008 Certified Company)
Regd Office: 123-B, Mittal Tower, Nariman Point, Mumbai – 400021.
Apply at Admin office: 1105, ARCADIA Building, Nariman Point, Mumbai - 400021.
Please apply by Email ID: cv1@protech.co.in
Regn. No. B-0437/MUM/COM/1000+/5/42/1984